Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના વૈશ્વિક વિચારો

**PRO.DR. SATISHKUMAR SAVJIBHAI PATEL**
ASSISTANT PROFESSOR SMT. M. C. DESAI ARTS & COMMERCE COLLEGE – PRANTIJ MO. NO.9428642467 e-mail: patelsatish198@gmail.com

ગાંધીજીની વિચારસરણી એટલી વિશાળ અને ઉત્તમ હતી કે પૃથ્વી પરની બધી જ બાબતોને એ વિચારી શકતા હતા. ધર્મ, સમાજકારણ, રાજકારણ, અર્થકારણ, કેળવણી, સાહિત્ય-કલા, પર્યાવરણ એમ વિવિધ વિષયો પર એમનો ઊંડો અભ્યાસ અને ચિંતન આપણને જોવા મળે છે. ગાંધીજી મૂળ તો એક ધાર્મિક પુરુષ હતા. તેથી પ્રથમ તેમની ધાર્મિક વિચારણા જોઈએ.

**ધાર્મિક વિચારણા** : ગાંધીજીની ધર્મવિષયક વિચારણા નીચે પ્રમાણે છે.

**ધર્મની વ્યાખ્યા** :ગાંધીજી પોતાની ધાર્મિક ભૂમિકા સમજાવતાં કહે છે, "મારે જે કરવું છે, જેની હું 30 વર્ષ થયાં ઝંખના કરી રહ્યો છું. તે તો આત્મદર્શન છે, તે ઈશ્વરનો સાક્ષાત્કાર છે, મોક્ષ છે. મારું ચલનવલન બધું એ જ દૃષ્ટિએ થાય છે. મારું લખાણ બધું એ જ દૃષ્ટિએ છે, અને મારું રાજ્યપ્રકરણ ક્ષેત્રની અંદર ઝંપલાવવું પણ એ જ દૃષ્ટિને આધીન છે." ગાંધીજીની પ્રકૃતિ મૂળે ધાર્મિક છે. ધર્મને લોકભોગ્ય એવી સાદી ભાષામાં સમજાવતાં તે કહે છે : "ધર્મ એટલે નીતિ : આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે ધર્મ." ગાંધીજીના મને ધર્મ જ મહત્વનો છે. ગાંધીજી ઔપચારિક ધર્મને કે રૂઢિગત ચાલ્યા આવતા ધર્મને નહીં, પણ જે બધા જ ધર્મો યા સંપ્રદાયોના પાયામાં મૂળભૂત રૂપે રહેલો છે અને જે આપણને પરમેશ્વરનું દર્શન કરાવે છે તેને જ ધર્મ માને છે.

**સંપ્રદાય અને ધર્મ** :સંપ્રદાય અને ધર્મ વચ્ચે ગાંધીજી ભેદ પાડે છે, પણ બંને માટે મોટેભાગે તેઓ 'ધર્મ' જ શબ્દ વાપરે છે. ગાંધીજીએ 'સંપ્રદાય' અને 'ધર્મ' વચ્ચેનો ભેદ બતાવવા માટે ચોક્કસ પરિભાષા વાપરી નથી. ગાંધીજી કહે છે કે, "ધર્મ (સંપ્રદાય) તે તો એક જ જગ્યાએ પહોંચવાના જુદા જુદા રસ્તા છે. આપણે બંને નોખા માર્ગ લઈએ તેમાં શું થયું ? ખરું જોતા જેટલા માણસ તેટલા ધર્મ એમ ગણી શકાય." આમ, આ રીતે ગાંધીજી સંપ્રદાય અને ધર્મ વિશે ગાંધીજી વિચારતા હતા.

**સર્વધર્મ સમભાવ** :ગાંધીજી ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાના નિવાસ દરમ્યાન બધા જ ધર્મોના સંસર્ગમાં આવ્યા અને એમનો અભ્યાસ તેમને કર્યો. ગાંધીજીને બધા ધર્મો સમાન લાગ્યા. ગાંધીજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા. ગાંધીજી મુખ્યત્વે માનવધર્મને પુરસ્કર્તા હતા. ગાંધીજી વ્યાપક ધર્મભાવના પુસ્તકમાં લખે છે કે, "ઊંચનીચ ભાવ ભુલાવવો એ ધર્મનું કામ છે. અનેકમાં એકને જોવો, વિચિત્રતામાં એક ચિત્ર જોવું, ભેદમાં અભેદ જોવો એ મનુષ્યોને (માનવ) ધર્મનો અંતિમ આદર્શ છે." ગાંધીજી જનસેવા એ જ પ્રભુસેવા છે એવું માનતા હતા.

'મંગળપ્રભાત' નામના પુસ્તકમાં સર્વધર્મ સમભાવ વિશે બે પ્રકરણો આપ્યા છે. આ પ્રકરણોમાં ગાંધીજીએ સર્વધર્મ સમભાવ વિશે ઉપયોગી એવી ચર્ચા કરી છે.

**ઉપાસના**

'ઉપ આસ' ધાતુ પરથી ઉપાસના શબ્દ બનેલો છે. ઈશ્વરની સમીપ થવું એ જ ઉપાસનાનો અર્થ છે. ઉપાસના વિશે ગાંધીજી કહે છે કે, "એ ઉપાસના એટલે શું ?..... સૂર્યનારાયણનાં દર્શન કરી આંખનું શૌચ કરીએ. સૂર્યોદયમાં જે નાટક રહેલું છે, જે સૌન્દર્ય રહેલું છે, જે લીલા રહેલી છે તે બીજે જોવાની નહીં મળે. ઈશ્વરના જેવો સુંદર સૂત્રધાર બીજે ન મળે, ને આકાશના કરતાં વધારે ભવ્ય રંગભૂમિ બીજે ન મળે." આમ, ઈશ્વરના સ્વરૂપ સાથે સમરસ થવાનું તે ઈષ્ટ માને છે. ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, રાંધેજા અને સાદરા મુકામે દરરોજ 11 કલાકે ઉપાસના થાય છે. ગાંધીજી જેટલા આધ્યાત્મિક હતા તેટલાં જ ધાર્મિક પણ હતાં.

**એકાદશ વ્રતો :**

ગાંધીજીએ એકાદશ વ્રતો મંગળપ્રભાતમાં સ્પષ્ટ રીતે રજૂ કર્યા છે. ગાંધીજી આ એકાદશ વ્રતોને વફાદાર રહી જીવન જીવતાં હતાં. ગાંધીજીને મન "વ્રત એટલે અડગ નિશ્ચય" અને વ્રત લેવું એટલે તેનું સંપૂર્ણ પાલન કરવાનો પ્રામાણિક દૃઢ પ્રયત્ન મન, વચન, કર્મથી મરણ લગી કરવો." મહર્ષિ પતંજલિએ 'યોગસૂત્ર'માં ગણાવેલા પાંચ યમ : સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્યને સ્વીકારીને, તેમાં દેશ કાળ, પરિસ્થિતિનો વિચાર કરીને બીજાં છ વ્રતો : શરીરશ્રમ, અસ્વાદ, અભય, સર્વધર્મ સમભાવ, સ્વદેશી અને અસ્પૃશ્યતા નિવારણ (સ્પર્શ ભાવના) ને ઉમેરીને કુલ અગિયાર વ્રતો વ્યક્તિ અને સમાજના વિકાસ માટે તેમણે રજૂ કર્યા છે. જેને જુગતરામ દવેએ ગીત રૂપે ગૂંથી લીધાં છે :

"સત્ય, અહિંસા, ચોરી ન કરવી
વણ જો'તું નવ સંઘરવું
બ્રહ્મચર્ય ને જાતે મહેનત
કોઈ અડે ન અભડાવું
અભય, સ્વદેશી, સ્વાદત્યાગ ને
સર્વધર્મ સરખા ગણવા
આ અગિયાર મહાવ્રત સમજી
નમ્રપણે દૃઢ આચરવા."

આ એકાદશ વ્રતો વિગતવાર જોઈએ.

**સત્ય :**

'સત્' એટલે હોવું. સત્ય તે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુની હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે. એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે." "સામાન્ય વહેવારમાં અસત્ય ન બોલવું કે ન આચરવું એટલો જ સત્યનો અર્થ નથી. પણ સત્ય એ જ પરમેશ્વર છે ને તે સિવાય બીજું કશું નથી. એ સત્યની શોધ અને પૂજાને અંગે જ બીજા બધા નિયમોની આવશ્યકતા રહે છે અને તેમાંથી જ તેમની

ઉત્પતિ છે. આ સત્યના ઉપાસક પોતે કલ્પેલા દેશહિતને સારું પણ અસત્ય નહીં બોલે, નહીં આચરે. સત્યને અર્થે તે પ્રહલાદની જેમ માતાપિતાદિ વડીલોની આજ્ઞાનો પણ વિનયપૂર્વક ભંગ કરવામાં ધર્મ સમજે." આમ, આ રીતે ગાંધીજી વિસ્તારપૂર્વક સત્યની વ્યાખ્યા આપણી સમક્ષ મૂકી આપે છે.

**અહિંસા :**

અહિંસાનો સીધો, સાદો ને સરળ અર્થ હિંસા ન કરવી એ છે. ગાંધીજી હિંસા ક્યાં પડેલી છે એ વિશે કહે છે કે, "કુવિચારમાત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઈચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે." "પ્રાણીઓનો વધ ન કરવો એટલું જ આ વ્રતના પાલનને સારું બસ નથી. અહિંસા એટલે સૂક્ષ્મ જંતુઓથી માંડીને મનુષ્ય સુધી બધા જીવો પ્રત્યે સમભાવ. એ વ્રતોનો પાલક ઘોર અન્યાય કરનાર પ્રત્યે પણ ક્રોધ ન કરે, પણ તેના ઉપર પ્રેમભાવ રાખે, તેનું હિત ઈચ્છે ને કરે, પણ પ્રેમ કરતો છતો અન્યાયીના અન્યાયને વશ ન થાય, અન્યાયનો વિરોધ ને તેમ કરતાં તે જે કષ્ટ આપે તે ધીરજપૂર્વક અને અન્યાયીનો દ્વેષ કર્યા વિના સહન કરે." આમ, ગાંધીજી અહિંસાને હિંસા ન કરવી એવો સામાન્ય અર્થ ન લેતાં વ્યાપક અને વિશાળ અર્થ આપણી સામે મૂકે છે.

**બ્રહ્મચર્ય :**

બ્રહ્મચર્ય વિશે ગાંધીજી કહે છે કે, "બ્રહ્મચર્ય એટલે મન, વચન, કાયાથી સર્વ ઈન્દ્રિયોનો સંયમ..... બ્રહ્મચર્ય પોતાના ઊણપોનું નિત્ય દર્શન કરશે, પોતાનામાં ખૂણે-ખાંચરે છુપાઈ રહેલા વિકારોને ઓળખી લેશે, ને તેમને કાઢવા સતત પ્રયત્ન કરશે...... જ્યાં લગી વિચારો ઉપર એવો કાબૂ નથી મળ્યો કે ઈચ્છા વિના એક પણ વિચાર ન આવે, ત્યાં લગી સંપૂર્ણ બ્રહ્મચર્ય નથી..... વિચાર માત્ર વિકાર છે. તેને વશ કરવા એટલે મનને વશ કરવું તે વાયુને વશ કરવા કરતાંયે કઠિન છે. આમ છતાં જો આત્મા છે તો આ વસ્તુ પણ સાધ્ય છે જ..... એ પરમ અર્થ છે અને પરમ અર્થને સારું પરમ પ્રયત્નની આવશ્યકતા હોય એમાં શું આશ્ચર્ય !" આમ બ્રહ્મચર્ય વિશે ગાંધીજી આવા વિચારો ધરાવતાં હતાં.

**અસ્વાદ :**

ગાંધીજી અસ્વાદને બ્રહ્મચર્યની બહુ નિકટ માને છે. તેઓ કહે છે કે, "બ્રહ્મચર્યની સાથે બહુ નિકટ સંબંધ ધરાવતું આ વ્રત છે. મારો અનુભવ એવો છે કે આ વ્રતને પહોંચી વળાય તો બ્રહ્મચર્ય એટલે જનનેન્દ્રિય સંયમ સાવ સહેલો થઈ પડે." આ ઉપરાંત ગાંધીજી આને સમજાવતાં જણાવે છે કે "અસ્વાદ એટલે સ્વાદ ન લેવો. સ્વાદ એટલે રસ. જેમ ઔષધિ ખાતાં આપણે તે સ્વાદીલી છે કે કેવી તેનો વિચાર ન કરતાં શરીરને તેની જરૂર છે એમ સમજી તેની માત્રામાં જ ખાઈએ છીએ, તેમ જ અન્નનું સમજવું." આમ, ગાંધીજી અસ્વાદ વ્રતનું

પાલન કરવા માટે ઘણા બધા પ્રયોગો કરેલા છે.

**અસ્તેય :**

"અસ્તેય એટલે ચોરી ન કરવી." હિન્દુ તેમજ અન્ય ધર્મોમાં ચોરી ન કરવાની સલાહ આપી જ છે. ગાંધીજી એક વસ્તુને એક જ રીતે ઉપયોગ કરવો એનો ઉપયોગ અન્ય રીતે ન કરવો. જો જે વસ્તુ જે ઉપયોગ સારું હોય અને એને બીજી રીતે ઉપયોગ કરવામાં આવે તો પણ ચોરી કહેવાય.

**અપરિગ્રહ :**

અપરિગ્રહ એટલે જેટલી વસ્તુની કે સાધન-સામગ્રીની આપણને જરૂર હોય એટલી જ વસ્તુ આપણે રાખવી. ભવિષ્યની ચિંતા કરી કોઈ વસ્તુનો સંગ્રહ કરવો નહિ.

**જાતમહેનત :**

જો આપણે અસ્તેય અને અપરિગ્રહના નિયમોને પાળવા હશે તો આપણે જાતમહેનત કરવી જ પડશે. ગાંધીજી જાતમહેનતના ખૂબ જ આગ્રહી હતાં.

**સ્વદેશી :**

સ્વદેશી વિશે ગાંધીજી લખે છે કે, "સ્વદેશીવ્રત આ યુગનું મહાવ્રત છે. જે વસ્તુ આત્માનો ધર્મ છે, પણ અજ્ઞાનને કે બીજે કારણે આત્માને જેનું ભાન નથી રહ્યું તેના પાલનને સારું વ્રત લેવાની જરૂર પડે છે." આજે ભારતમાં વિદેશી વસ્તુઓ બહુ જ ચલણમાં છે જે દેશના આર્થિક વિકાસને નુકસાનકર્તા છે. જો આપણા બાજુના ગામની વસ્તુઓ મળી રહે તો બીજે ગામ આપણે વસ્તુ લેવા જવી નહિ એના ગાંધીજી હિમાયતી હતા.

**અભય :**

સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું પાલન જે કોઈ કરે છે એમને કોઈનો ભય ન રાખવો જોઈએ.

**અસ્પૃશ્યતા નિવારણ :**

"અસ્પૃશ્યતા એટલે આભડછેટ; અને અખા ભગતે ઠીક ગાયું છે કે, "આભડછેટ અદકેરું અંગ એ જ્યાં ત્યાં ધર્મમાં ધર્મને નામે કે બહાને વિઘ્ન નાખ્યા જ કરે છે અને ધર્મને કલુષિત કરે છે." ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણા માટે ઘણાં બધાં પ્રયોગો કર્યા. તેમને આ સમાજમાં જાગૃતિ લાવવાનું કામ કર્યું. જે પ્રયત્નો ગાંધીજીએ કર્યા એ પછી પણ કોઈના દ્વારા ચાલુ રહ્યા હોત તો આજે જે આ કલંક જોવા મળે છે એ ના હોત.

**સહિષ્ણુતા :**

સત્યના પૂજારીએ, અહિંસાના પૂજારીએ ઘણું સહન કરવું પડે છે એટલે એને નમ્રતા કે સહિષ્ણુતાનું વ્રત પાલન કરવું આવશ્યક બની જાય છે.

**સામાજિક વિચારણા :**

ગાંધીજીએ જે રીતે ધાર્મિક વિચારણા કરી છે એ રીતે જ એમણે સામાજિક વિચારણા અને પોતાની વાત લોકો સામે મૂકી છે, તે જોઈએ.

**વર્ણવ્યવસ્થા :**

ગાંધીજીને મતે, "વર્ણાશ્રમધર્મ એ હિન્દુ ધર્મે જગતને ચરણે ધરેલી એક અદ્વિતીય ભેટ છે. એ વર્ણવ્યવસ્થા વિશેની તેમની સમજ આવી છે. "ચાતુર્વર્ણ્યે માણસના ધર્મો દોરી દીધા છે, તેને જુદા જુદા ચડિયાતા કે ઊતરતા હકો બક્ષ્યા નથી. મને લાગે છે હિન્દુ ધર્મની પ્રકૃતિથી જ એ વિરુદ્ધ છે કે પોતાનામાં ઊંચા કે બીજાનામાં નીચા દરજ્જાનું આરોપણ કરવું. હિન્દુ દૃષ્ટિએ તો સર્વ જ વર્ણ ઈશ્વરની સૃષ્ટિને સેવવા જન્મેલા છે. બ્રાહ્મણ પોતાના જ્ઞાનથી, ક્ષત્રિય પોતાની રક્ષણશક્તિથી, વૈશ્ય તેના વાણિજ્યબળથી, શૂદ્ર તેના શરીર યજ્ઞથી." વર્ણ ધર્મ વિશે ગાંધીજી કહે છે કે, "એ ધર્મ પ્રમાણે બ્રાહ્મણ તે જ કે જે બધા વર્ણનો સેવક છે - શૂદ્રોનો અને અસ્પૃશ્યોનો પણ ચારે વર્ણની સેવા માટે એ પોતાનું સર્વસ્વ હોમી દે છે. એને પ્રાણીમાત્રની દયા ઉપર જીવે છે. પદ, સત્તા અને અધિકારનો દાવો કરનાર ક્ષત્રિય નથી. ક્ષત્રિય તો તે જ છે કે જે સમાજના રક્ષણ અને સમાજની પ્રતિષ્ઠાને માટે પોતાની જાત ખરચી નાખે છે. પોતાને માટે જે રળનાર અને પોતાને અર્થે જ ધન-સંચય કરનાર વૈશ્ય નથી, ચોર છે. હિંદુ ધર્મની મારી કલ્પના પ્રમાણે પંચમ કે અસ્પૃશ્ય વર્ણ છે જ નહિ. કહેવાતા અસ્પૃશ્યો બીજા શૂદ્રના જેટલા જ અધિકારવાળા સમાજસેવકો છે. સમાજના પરમ શ્રેયને માટે કલ્પવામાં આવેલી ઉત્તમોત્તમ પ્રથા વર્ણધર્મની પ્રથા છે એમ હું માનું છું. આજે તો તેની વિડંબના માત્ર આપણે જોઈએ છીએ, અને જો વર્ણધર્મને ટકાવી રાખવો હોય તો હિંદુઓએ વર્ણધર્મના એ ઓઠાનો નાશ કરી વર્ણધર્મના પ્રાચીન ગૌરવનો પુનરુદ્ધાર કરવો જોઈએ." આમ ગાંધીજીના વિચારો બહુ ઉચ્ચ જોવા મળે છે.

**આશ્રમ પ્રણાલી :**

પ્રાચીન ઋષિ મુનિઓએ આપેલી આશ્રમ પ્રણાલીને ગાંધીજી માને છે. તેમ છતાં તેમને કેટલાક સુધારા પણ સૂચવ્યા છે.

આ ઉપરાંત ગાંધીજીએ જ્ઞાતિભેદ અને અસ્પૃશ્યતા વિશે પણ વિગતે પોતાના વિચારો આપણને આપ્યા છે. હરિજનોના ઉત્થાન માટે એમણે 'હરિજન' પત્રો, હરિજન-યાત્રા, હરિજન ફંડ અને હરિજન-આશ્રમ તથા હરિજન સેવક સંઘ સ્થાપના કરી હતી.

**સમાજ ઉત્થાન :**

ગાંધીજીએ બાળલગ્નનો વિરોધ કર્યો છે પોતે બાળલગ્નના ભોગ બનેલા તેથી તેમને પુખ્ત લગ્નની હિમાયત કરી છે. વિધવા વિવાહને પુરસ્કાર્યો છે. આ ઉપરાંત કજોડાં લગ્ન, વિક્રયપ્રથા, બાળહત્યા, દૂધ પીતી કરવાની પ્રથા, પડદાપ્રથા, રોવા કૂટવાની પ્રથા, જુગાર, વેશ્યાગમન અને ખોટા ખરચાના ગાંધીજી વિરોધી હતા. બેટી બચાવો, સ્ત્રી કેળવણી, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રી શિક્ષણના ગાંધીજી હિમાયતી હતા.

અસ્પૃશ્યતા નિવારણ, હરિજનોને અલગ મતાધિકાર સામે એકવીસ દિવસના ઉપવાસ, હરિજન આશ્રમ, આશ્રમની શાળાઓ અને

સાર્વજનિક છાત્રાલયો દ્વારા કોમી ભેદભાવ મિટાવવા માટે તેમણે પ્રચંડ પુરુષાર્થ કર્યો હતો. આ ઉપરાંત આદિવાસીઓ અને પછાત જાતિઓ માટે 'ભીલ સેવા મંડળ', 'રાનીપરજ સેવાસભા' અને 'આદિમ જાતિ સેવકસંઘ' જેવી સંસ્થાઓ રચીને વનવાસીઓ અને પછાત લોકોની ઉન્નતિ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ તેમણે કરી છે. ગાંધીજી દારૂનો સખ્ત વિરોધી હતા. તેઓ લખે છે કે, "જો મને એક કલાકને માટે પણ આખા હિન્દનો સરમુખત્યાર નીમવામાં આવે તો સૌથી પહેલું કામ હું એ કરું કે દારૂના એકેએક પીડાને કશું વળતર આપ્યા વિના બંધ કરી દઉં."

**જાહેર આરોગ્ય, સ્વચ્છતા અને ખોરાક :**

ગાંધીજી સ્વચ્છ હવા, સ્વચ્છ પાણી અને ખુલ્લા પ્રકાશની જરૂર તેઓ સૌ પ્રથમ સ્વીકારતા હતા. ગાંધીજી જાજરૂ સફાઈ, પેશાબઘરની સ્વચ્છતા પર વધુ ભાર આપે છે. ગાંધીજી માંસાહારનો સખત વિરોધ કરે છે.

**રચનાત્મક કાર્યક્રમ :**

ગાંધીજીએ સમાજવિકાસ માટે રચનાત્મક કાર્યક્રમની ભેટ આપી છે. ગાંધીજીએ કહ્યું છે કે, "હું રચનાત્મક કાર્યક્રમને વરેલો છું." આ રચનાત્મક કાર્યક્રમ એ પૂર્ણ સ્વરાજ્ય મેળવવાનો, સત્યને અહિંસાનો રસ્તો છે. પણ હું એમ કહું કે રચનાત્મક કાર્યક્રમનો પૂરેપૂરો અમલ એ જ પૂર્ણ સ્વરાજ્ય છે. આપણા રાષ્ટ્રનું ઠેઠ પાયામાંથી ઘડતર કરવાને..... રચનાત્મક કાર્યક્રમ...... છે જેમ સશસ્ત્ર બળવાને માટે તાલીમની જરૂર છે તેવી જ સત્યાગ્રહને માટે પણ તાલીમની જરૂર છે." ગાંધીજીએ 18 રચનાત્મક કાર્યક્રમો આપ્યા છે. કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણા, દારૂબંધી, ખાદી, ગ્રામોદ્યોગો, ગ્રામસફાઈ, નવી તાલીમ અને પાયાની કેળવણી, પ્રૌઢ શિક્ષણ, સ્ત્રી-ઉન્નતિ, તંદુરસ્તીના નિયમોની કેળવણી અથવા નિસર્ગોપચાર, પ્રાન્તિક ભાષાઓ, રાષ્ટ્રભાષા-પ્રચાર, આર્થિક સમાનતા, કિસાન પ્રવૃત્તિ, મજૂર પ્રવૃત્તિ, આદિવાસી સેવા, કુષ્ઠરોગોની સેવા અને વિદ્યાર્થી પ્રવૃત્તિ. આ ઉપરાંત 'ગોસેવા યા પશુસુધારણા'ને તથા પાછળથી ઉપાડેલી 'શાન્તિસેના'ની પ્રવૃત્તિને પણ ગાંધીજી રચનાત્મક કાર્યક્રમમાં ગણાવે છે.

આમ, આ રીતે ગાંધીજીના ઉપરના વિચારો સામાજિક બાબતે આપણને જોવા મળે છે.

**ગાંધીજીના રાજકીય વિચારો :**

ગાંધીજીના રાજકીય વિચારોને સમજવા હોય તો આપણે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ચલાવેલ ચળવળથી ચાલુ કરવું પડે. ગાંધીજીએ દુનિયાની બધી જ રાજકીય વિચારધારાઓને પચાવી લોકશાહીની વાત આપણી સમક્ષ એમણે મૂકી આપી છે.

ગાંધીજીએ લોકશાહીને ચલાવવા અને તેને મજબૂત રૂપ આપવા માટે સર્વોદયના ત્રણ સિદ્ધાંત આપણી સમક્ષ મૂકી આપ્યા છે. "(1) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે. (2) વકીલ તેમ જ વાળંદ બન્નેના કામની કિંમત એકસરખી હોવી જોઈએ કેમ કે આજીવિકાનો હક બધાને એક સરખો

છે. (3) સાદું મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે." ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે હતા. ગાંધીજી રાજકીયના મોટાભાગના પાઠ ગોપાલકૃષ્ણ ગોખલે પાસેથી શીખેલા. ગાંધીજીએ પંચાયતી રાજ, ગ્રામસ્વરાજ, ન્યાય વિષય રાષ્ટ્રધર્મ વગેરે વિષયક પોતાના વિચારો આપણને આપ્યા છે.

**ગાંધીજીની આર્થિક વિચારણા :**

ગાંધીજી અર્થશાસ્ત્રી ન હતા પણ તેમનામાં બધા જ માનવીઓને સમાન હક પ્રાપ્ત કરાવવા માટે એક દીર્ઘદૃષ્ટિ રહેલી હોવાથી તેમના પાસેથી આપણને આર્થિક વિચારો પણ જોવા મળે છે.

**આયોજન :**

ગાંધીજીએ ભારતને પશ્ચિમનું આયોજન અપનાવવાનું ના પાડી હતી. કારણ કે પશ્ચિમનું આયોજન છે એ શહેરી સંસ્કૃતિનું આયોજન છે. કારણ કે એ દેશોમાં સંખ્યાનું પ્રમાણ ઓછું હોવાથી ત્યાં શહેરી સંસ્કૃતિ પ્રમાણે આયોજન શક્ય છે પણ ભારત જેવા વસ્તીગીચતા ધરાવતા દેશ માટે તે પ્રકારે આયોજન કરવું બિલકુલ અયોગ્ય છે. ગાંધીજીએ ખેતીવાડી, ગોપાલન, ખાદી-ગ્રામોદ્યોગ, સહકારી પ્રવૃત્તિ, મજૂર પ્રવૃત્તિ, યંત્રોનો ઓછો ઉપયોગ આ બધા જ પાસાને અગ્રીમતા આપી ભારતને મજબૂત આર્થિક વિચારણા આપી છે. ગાંધીજીએ શ્રીમંતોને માલિક નહિ પણ ટ્રસ્ટીશિપ અપનાવવા પણ આગ્રહ કરેલો છે.

**ગાંધીજીના શિક્ષણ વિશેના વિચારો :**

ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં ફિનિક્સ આશ્રમ અને ટૉલ્સ્ટોય આશ્રમમાં શિક્ષણના પ્રયોગ કરેલા. ગાંધીજીએ સ્ત્રીશિક્ષણ, પ્રૌઢશિક્ષણ તેમજ બુનિયાદી તાલીમના હિમાયતી હતા.

**નઈ તાલીમ અને આધુનિક શિક્ષણ :**

ઈ.સ. 1937માં વર્ધા મુકામે નઈ તાલીમ, બુનિયાદી શિક્ષણનો પાયો નખાયો. ગાંધીજી આધુનિક શિક્ષણની ખામીઓને જાણતા હતા. આધુનિક શિક્ષણની બાળકના બુદ્ધિમાં વિકાસ થાય છે પણ તેનો સર્વાંગી વિકાસ થતો નથી. જ્યારે નઈ તાલીમમાં કે બુનિયાદી કેળવણીમાં હાથ, હૃદય અને મગજની કેળવણી થાય છે. ગાંધીજીએ ગ્રામ વિદ્યાપીઠોની સ્થાપના કરી તેની હિમાયત કરી છે. બીજી બાજુ તેઓ હંમેશા બાલશિક્ષણ, સ્ત્રીશિક્ષણ, પ્રૌઢશિક્ષણ, સહશિક્ષણ અને જાતિય શિક્ષણના હંમેશા હિમાયતી રહેલા આપણને જોવા મળે છે.

ગાંધીજીએ વ્યાયામ શિક્ષણને પણ તેમના વિચારોમાં આગવું સ્થાન આપ્યું છે. બીજી બાજુ તેમણે શિક્ષણનું માધ્યમ માતૃભાષા જ હોવું જોઈએ તેની પણ વાત કરી છે.

**સાહિત્ય-કલા વિષયક વિચારણા :**

ગાંધીજીએ જેમ ધાર્મિક, આર્થિક, રાજકીય, સામાજિક અને શૈક્ષણિક વિશે વિચારણા કરી છે તેમ સાહિત્ય-કલા વિષયક પણ તેમના વિચારો આપણને પ્રાપ્ત થાય છે. તો હવે ગાંધીજીએ આપેલ સાહિત્ય અને કલા વિશે વિચારો જોઈએ.

**સાહિત્યકાર અને સાહિત્ય :**

ગાંધીજી સાહિત્ય સર્વે માટે રચાય છે એટલે જ એમને કહેવું પડ્યું કે 'મારે મન તો કોશિયાને, ગામડાના ખેડૂતને સમજાય તે સાહિત્ય છે.' ગાંધીજીએ આવી જ સીધી-સરળ ભાષામાં બધાને સમજાય એ રીતે પોતાની આત્મકથા આપી છે. જે ગુજરાતી સાહિત્યમાં ઉત્તમ ઉદાહરણ રૂપ છે. ગાંધીજીએ સાહિત્યકાર કોણે કહેવાય એ એમની રીતે વ્યાખ્યા આપવાનો પ્રયત્ન કર્યો છે. "આપણામાં જે સારી ભાવનાઓ સૂતેલી હોય તેને જાગૃત કરવાની શક્તિ જે ધરાવે છે તે કવિ છે." કવિના પ્રભાવ વિશે વિચારણા કરતાં તેમણે લખ્યું છે, "બધા કાયમી બધા ઉપર સરખી અસર નથી થતી, કેમ કે બધામાં બધી સારી ભાવનાઓ એક સરખા પ્રમાણમાં હોતી નથી." આમ સાહિત્ય અને સાહિત્યકાર વિશે તેમને આ રીતે વાત કરી છે.

**સાહિત્યની ભાષા-શૈલી :**

પંડિતયુગનું ગુજરાતી સાહિત્ય ભારેખમ અને આડંબરવાળું તેમજ શબ્દને ભાષાના માયાજાળવાળું બની ગયું હતું. પરંતુ ઈ.સ. 1915માં ગાંધીજીના આગમન પછી સાદી, સરળ ભાષામાં સાહિત્ય રચાવા લાગ્યું. ગાંધીજીના પ્રભાવ નીચે છેવાડાના માનવીને સાહિત્યમાં સ્થાન મળ્યું. સાહિત્યના વિષયવસ્તુમાં વાસ્તવિકતાનો સ્વીકાર કરવામાં આવ્યો. સાહિત્ય શા માટે - કોને માટે ? આ વિશે ગાંધીજી કહે છે સાહિત્ય એ મોટા શેઠિયાઓ માટે નથી પણ જે કોશિયા છે ખેડૂત છે નિરક્ષર છે એમને માટે સાહિત્ય રચાવું જોઈએ. ઈ.સ. 1935-36માં ગાંધીજી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ પણ બનેલા.

**સાહિત્યમાં જીવનલક્ષિતા :**

ગાંધીજી એવું માનતા કે સાહિત્યમાં જીવનનો મહિમા હોવો જોઈએ. પછી એ જીવન ગામડાનું હોય કે શહેરનું, બ્રાહ્મણનું હોય કે ભંગીનું, મનુષ્યનું હોય કે પશુપંખીનું, જીવનનો આદર, ગૌરવ અને પ્રતિષ્ઠા સાહિત્ય દ્વારા થાય તો માનવતાનો મહિમા વધશે.

**લોકસાહિત્ય, કલા અને કલાકાર :**

ગાંધીજી લોકવાર્તાઓ, લોકગીતો, ભજન, દુહા અને છંદ વગેરે લોકસાહિત્યમાં ઊંડો રસ ધરાવતા હતાં. આ લોકસાહિત્ય જ ખરું સાહિત્ય છે એવું ગાંધીજી માનતા હતા.

કલાની મીમાંસા કરતાં ગાંધીજીએ કહ્યું હતું "(કલાના) બાહ્ય અને આંતર (એમ) બે ભેદ હું પાડું છું...... મને તો બાહ્યથી આંતરનો વિકાસ ન થાય ત્યાં સુધી બાહ્યની કશી કિંમત નથી. કળા માત્ર અંતરના વિકાસનો આવિર્ભાવ. માણસના આત્માનો જેટલો આવિર્ભાવ બાહ્યરૂપમાં હોય તેટલી તેની કિંમત...... કળા એટલે આત્મિકમનને પરિણામે શબ્દ, રંગ, રૂપ ઈત્યાદિથી નીપજતી વસ્તુ." આજ રીતે ગાંધીજીએ કલાકારનો પણ મહિમા કરેલો જોવા મળે છે.

**જોડણી અને શબ્દકોશ :**

ઇ.સ.1929માં ગૂજરાત વિદ્યાપીઠે ગાંધીજી મહાદેવ દેસાઈના સહયોગથી 'સાર્થ

ગુજરાતી જોડણીકોશ' બહાર પાડ્યો. ગાંધીજીએ આ જોડણીકોશ બહાર આવતા જ કહ્યું કે 'હવે કોઈને સ્વેચ્છાએ જોડણી કરવો અધિકાર નથી.' ગાંધીજી શબ્દકોશોના પણ પુરસ્કૃતા હતા. શબ્દકોશનું સાહિત્યમાં શું મહત્ત્વ છે એ તેઓ સારી રીતે સમજતા હતા.

**સંદર્ભગ્રંથ સૂચિ:**


1. આત્મકથા અથવા સત્યના પ્રયોગો – મો. ક. ગાંધી, આ. 2011
2. ખરી કેળવણી – ગાંધીજી, આ.1955
3. વ્યાપક ધર્મભાવના – ગાંધીજી, આ.2003

4.હિંદ સ્વરાજ;- મોહનદાસ કરમચંદ ગાંધી, આ.2008

5.દૈનંદિની – ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, આ.2011

6.મંગળપ્રભાત – ગાંધીજી, આ.2006

7.મહાત્મા ગાંધીનો ગુજરાતી સાહિત્ય પર પ્રભાવ - ડૉ. હરીશ વ્યાસ, આ.1979


**સંદર્ભ લેખ સૂચિ**


1.નવજીવન (સામાયિક); ગાંધીજી; પૃ.187, તા.28-6-1931, અંક-193